RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 275, Dt.09-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગ્લોબલ ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરતા વડાપ્રધાન મોદી



## વિશ્વના નેતાઓ સાથે બેઠકઃ ત્રણ દિવસના સમીપ દરમિયાન થશે અબજો રૂપિયાના રોકાણ કરારોઃ ૨૦ દેશોના સ્ટોલ પ્રદર્શન, આજે સાંજે યુએઈના રાષ્ટ્રપતિનું આગમનઃ મોદીના રોડ શોનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત સરકાર દ્વારા આયોજીત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ બિજનેસ સમિટ ૨૦૨૪ શરૂ થવા આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. ૧૦ થી ૧૨ દરમ્યાન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનારા સમિટમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી ઉપરાંત દેશ - વિદેશથી મહેમાનો -ઉદ્યોગપતિઓનું આગમન શરૂ થયુ છે સમિટ પૂર્વે આજે બપોરે નગ્લોબલ ટ્રેડથ શોનું ઉદઘાટન પીએમના હસ્તે થયુ હતું.. આ પહેલા આજે સવારે વડાપ્રધાન મોદીએ ગ્લોબલ નેતાઓ સાથે મુલાકાતોનો દોર શરૂ કર્યો છે. સાંજે યુએઇના પ્રેસીડેન્ટ સાથે રોડ-શોનું આયોજન થયુ છે. આ સમિટને લઇને પીએમ ત્રણ દિવસ ગુજરાતમાં મુકામ કરશે.

પીએમ આજે સવારે ૯:૩૦ વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વૈશ્વિક નેતાઓને મળવાનું શરુ કર્યું છે . પીએમ મોદી ગાંધીનગર મહાત્મા મંદિર હાજરી આપી છે. તેઓ વિશ્વના નેતાઓ સાથે બેઠક કરી રહ્યા છે ટોચની વૈશ્વિક કંપનીઓનાં સીઇઓ સાથે પણ બેઠક યોજશે. પીએમ મોદી સાથે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ પણ ત્યાં હાજર રહ્યા છે. નોંધનીય છે કે, સોમવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા મહાત્મા મંદિર અને હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને ટ્રેડ શોની આખરી તૈયારીઓની સ્થળ પર જઇને સમીક્ષા કરવામાં આવી હતી. ગાંધીનગર સોળ શણગારથી સજ્જ : વડાપ્રધાન સહિતના મહેમાનોના સ્વાગત માટે ગુજરાતના પાટનગર ગાંધીનગરને દુલ્હનની જેમ સોળ શણગારથી સજાવવામાં આવ્યું છે. જેમાં કાર્યક્રમના મુખ્ય સ્થળ મહાત્મા મંદિર, દાંડી કુટીર, હોટલ લીલા, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગિફ્ટ સીટી, ગિફ્ટ સીટી સર્કલ, ચ-રોડ, ઘ-૨ સર્કલ, રક્ષાશક્તિ ફ્લાયઓવર અને ઉદ્યોગ ભવન સહિત વિવિધ સરકારી કચેરીઓને રંગ-બેરંગી નમૂન લાઈટથ અને વિવિધ થીમ આધારિત રોશની-લેઝર લાઈટથી શણગારવામાં આવી છે.આજે સાંજે મોદી ૫.૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર શ્ય્ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદનું સ્વાગત કરશે. એરપોર્ટથી બંને નેતાઓ સાબરમતી આશ્રમ સુધી લગભગ ૭ કિલોમીટર લાંબો રોડ શો કરશે. સાબરમતી આશ્રમમાં લગભગ ૨૦ મિનિટ રોકાયા બાદ સાંજે ૭ વાગ્યે બંને વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે.

## ઈઝરાયલી સેનાની એરસ્ટ્રાઈકમાં હિઝબુલાહનો ટોચનો કમાન્ડર ઠાર



**મુખ્ય સમાચાર, ગાઝા**

ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયાને લગભગ ૩ મહિના થઈ ચૂક્યા છે ત્યારે ઈઝરાયલી સેનાએ ગઈકાલ રાત્રે ગાઝામાં હમાસના સ્થાનો અને લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હવાઈ હુમલાઓ કર્યા હતા, જેમાં હિઝબુલ્લાહનો ટોચનો કમાન્ડર વિસમ અલ તાવિલ ઠાર માર મારવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૨૦૨૩ની ૭મી ઓક્ટોબરે યુદ્ધ શરુ થયુ હતું જે હવે વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે ત્યારે ઈઝરાયલી સેનાએ ગઈકાલે લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી, જેમાં હિઝબુલ્લાહનો ટોચનો કમાન્ડર વિસમ અલ તાવિલ ઠાર માર મારવામાં આવ્યો હોવાના અહેવાલ છે. અલ તાવિલ સરહદ નજીક તેના સાથીદારો સાથે મુસાફરી કરી રહ્યો હતો તે દરમિયાન જ ડ્રોન હુમલામાં માર્યો ગયો હતો. આ હુમલા સામે હિઝબોલ્લાએ તીખી પ્રતિક્રિયા આપી હતી અને ઈઝરાયલને ભારે કિંમત ચૂકવવાની ચેતવણી પણ આપી હતી.

આ અગાઉ પણ ઈઝરાયેલી સેનાએ હિઝબુલ્લાના ઠેકાણા પર હવાઈ હુમલા કર્યા હતા જેમાં હમાસના બીજા ક્રમના સૌથી મોટા નેતા સાલેહ અલ અરૂરીને ઠાર માર મારવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ૨૩ હજારથી વધુ પેલેસ્ટિની નાગરિકો જીવ ગુમાવી ચૂક્યા છે, જયારે અનેક લોકો ઘાયલ થયા છે તેમજ ઘણા પરિવારો ઘર છોડવા મજબૂર બન્યા છે.

## દેશમાં ધનવાન અને ગરીબ વચ્ચેનું અંતર ઝડપથી ઘટી રહ્યું છે

### એસબીઆઈના રિસર્ચ રિપોર્ટમાં બહાર આવી વિગતોઃ લોકો હવે બાઈકને બદલે કાર ખરીદી રહ્યા છે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તાજેતરના વર્ષોમાં દેશમાં આવકની અસમાનતામાં ઘટાડો થયો છે. SBI રિસર્ચના એક રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે. રિપોર્ટ અનુસાર મધ્યમ વર્ગની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. અર્થતંત્રના કેટલાક ભાગો સારી રીતે વધી રહ્યા છે અને અન્યને પાછળ છોડી દેવાના દાવાઓ સાચા નથી. એક તૃતીયાંશ કરતાં વધુ કરદાતાઓ ઉચ્ચ આવકવેરા કૌંસમાં આવી ગયા છે. કુલ આવકમાં ટોચના કરદાતાઓનો હિસ્સો ઘટી રહ્યો છે. ઝોમેટો જેવા ઓનલાઈન ફૂડ ઓર્ડરિંગ પ્લેટફોર્મનો ઉપયોગ અને આઈફોનના વેચાણમાં થયેલા વધારાને ટાંકીને રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આવકમાં વધારાને કારણે પોષણક્ષમતા વધી રહી છે.

રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૪માં દેશમાં ૨૩ લોકોની આવક ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હતી. તેમની કુલ આવક ૨૯૨૯૦ કરોડ રૂપિયા હતી. નાણાકીય વર્ષ ૨૦૨૧ માં, ૧૦૦ કરોડથી વધુની આવક ધરાવતા લોકોની સંખ્યા વધીને ૧૩૬ થઈ અને તેમની કુલ આવક ૩૪૩૦૧ કરોડ રૂપિયા હતી. ૧૦૦ કરોડથી વધુની કમાણી કરનારા ૨૩ લોકોની સંયુક્ત આવક નાણાકીય વર્ષ ૨૦૧૪માં કુલ આવકના ૧.૬ ટકા હતી. નાણાકીય વર્ષ ૨૦૨૧ માં, કુલ આવકમાં આ ટોચના જૂથનો હિસ્સો ઘટીને ૦.૭૭ ટકા થઈ ગયો.

તેવી જ રીતે, ૧૦ કરોડથી વધુની કમાણી કરનારા ટોચના ૨.૫ ટકા કરદાતાઓનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૧ વચ્ચે ૨.૮૧ ટકાથી ઘટીને ૨.૨૮ ટકા થયો છે. તે જ સમયે, ૩.૫ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા લોકોમાં આવકની અસમાનતા ઘટી છે. નાણાકીય વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૧ ની વચ્ચે, તે ૩૧.૮ ટકાથી ઘટીને ૧૫.૮ ટકા થયો છે. આનો અર્થ એ થયો કે કુલ આવકમાં આ આવક જૂથનો હિસ્સો તેમની વસ્તીની સરખામણીમાં ૧૬ ટકા વધ્યો છે. ૩૬.૩ ટકા કરદાતાઓ ઓછી આવકમાંથી ઉચ્ચ આવકવેરા કૌંસમાં ગયા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દરેક આવક વર્ગમાં વૃદ્ધિ જોવા મળી છે, પરંતુ અસમાનતા ઘટી રહી છે.

૨૦૧૩-૧૪ અને ૨૦૨૧-૨૨ વચ્ચે રૂ. ૫ લાખ અને રૂ. ૧૦ લાખની વચ્ચેની આવક ધરાવતા કરદાતાઓ દ્વારા ફાઇલ કરાયેલ ITR 295 ટકા વધ્યા છે. આ દર્શાવે છે કે કુલ કુલ આવકની ઉપરની શ્રેણી તરફ સ્થળાંતર છે. આ જ સમયગાળા દરમિયાન, રૂ. ૧૦ લાખથી રૂ. ૨૫ લાખની વચ્ચેની આવક ધરાવતા કરદાતાઓ દ્વારા ફાઇલ કરાયેલ ITRમાં ૨૯૧ ટકાનો વધારો થયો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ રોગચાળા પછી અર્થતંત્રમાં Ý આકારની રિકવરીના દાવા ખોટા છે. જયારે અર્થવ્યવસ્થાના કેટલાક ભાગો વૃદ્ધિ પામે છે જયારે અન્ય ભાગો મુશ્કેલીમાં અટવાયેલા રહે છે, ત્યારે તેને K- આકારની એટલે કે અસમાન પુનઃપ્રાપ્તિ કહેવામાં આવે છે. અહેવાલમાં જણાવાયું છે કે રોગચાળા પછી, લોકો તેમની બચતને રિયલ એસ્ટેટ સહિત ભૌતિક સંપત્તિમાં રોકાણ કરી રહ્યા છે અને ઘણા લોકો ટુ-વ્હીલરમાંથી વપરાયેલી અથવા એન્ટ્રી લેવલની કારમાં સ્થળાંતર કરી રહ્યા છે.

## વડાપ્રધાન મોદી પર ટીપ્પણી કરવા બદલ માલદીવ ફસાયુંઃ રાષ્ટ્રપતિ મહમ્મદ મુઈજુ ભારતની મુલાકાત લેવા આતુર

### ચીનમાં રહેલાં રાષ્ટ્રપતિ ડેમેજ કંટ્રોલના મુડમાંઃ જો કે હજુ ભારત મચક નહીં આપે





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષદ્વીપ પ્રવાસ અને તેના દ્વારા અપાયેલા સંદેશના માલદીવના ત્રણ મંત્રીઓએ આપેલા અભદ્ર જવાબ બાદ હવે ભારતમાં એક તરફ બોયકોટ-માલદીવ્સ ટ્રેન્ડ વધી રહ્યો છે અને ખુદ માલદીવ્સના ટુરીઝમના ઉદ્યોગોએ પણ સરકારના ત્રણ મંત્રીઓએ કરેલી હરકત સામે આક્રોશ દર્શાવ્યો છે તેમાં હવે માલદીવ્સ સરકાર ડેમેજ કંટ્રોલમાં છે.

એક તરફ નવી દિલ્હી ખાતેના માલદીવ્સના રાજદૂત ઈબ્રાહીમ સાહીબે સમગ્ર ઘટના પર માલદીવ સરકારની ચિંતા દર્શાવવાની સાથે તેમના ત્રણ પુર્વ મંત્રીઓના વિધાનો સાથે સરકાર સંમત નથી તેવી સ્પષ્ટતા કરીને ભારતનો ગુસ્સો શાંત પાડવાની કોશિશ કરી છે તો બીજી તરફ હાલ ચીનની મુલાકાતે ગયેલા માલદીવના વડાપ્રધાન મોહમ્મદ મુઈજુએ હવે ભારતની મુલાકાત લેવાની ઈચ્છા દર્શાવી છે.


સમાંતર ડિપ્લોમેટીક ચેનલ મારફત તેઓ આગામી સમયમાં ભારત આવીને તનાવ દુર કરવાની તૈયારી દર્શાવી છે. ચીન તરફી ગણાતા માલદીવના રાષ્ટ્રપતિ એ જો કે હજુ સુધી આ ઘટના પર સીધો પ્રતિભાવ આપ્યો નથી પણ તેના ત્રણ મંત્રીઓ જેઓએ વડાપ્રધાન અંગે અણછાજતા વિધાનો કર્યા હતા તેઓને સસ્પેન્ડ કરી સરકાર તેમની સાથે નથી તે નિશ્ચિત કરવા પ્રયાસ કર્યા છે.

બીજી તરફ માલદીવ્સ એસોસીએશન ઓફ ટુરીઝમ ઈન્ડસ્ટ્રીઝ એ સસ્પેન્ડેડ નાયબ મંત્રી સહિતના ત્રણ મંત્રીઓએ કરેલા વિધાનોની આકરી ટીકા કરતા એક નિવેદનમાં જણાવ્યું કે ભારત એ માલદિવ્સનું સૌથી નજીકનું અને ભરોસાપાત્ર સાથી રહ્યા છે.

દરેક કટોકટી સમયે ભારત સૌ પ્રથમ દેશની મદદે પહોંચ્યું છે અને પછી આપણે કાયમ માટે ભારતની સરકાર અને આ દેશના લોકો પ્રત્યે આભારી છીએ. કોવિડકાળ બાદ પણ માલદીવ્સના ટુરીઝમને વેગ આપવામાં ભારતનો સાથ મહત્વપૂર્ણ રહ્યો છે.

## 'ચીને ભારતની ૪૦૬૪ વર્ગ કિલોમીટર જમીન પર કર્યો કબજો', ભાજપના દિગ્ગજ નેતાનો આરોપ

### પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ચીન મુદ્દે મોદી સરકાર પર પ્રહારો કર્યા!



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત અને ચીન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે, જેને લઈને વિરોધ પક્ષ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર નિશાન સાધી રહ્યા છે. આ દરમિયાન પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પણ મોદી સરકાર પર આકારા પ્રહારો કર્યા છે.

રાજયસભાના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં લખ્યું કહ્યું,'મારી રિટ અરજીની સુનાવણી આ વર્ષે એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં દિલ્હી હાઈકોર્ટમાં કરવામાં આવશે. આ અરજીમાં સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશનને ચીન દ્વારા ભારતીય વિસ્તારને કબજે કરવા અંગેની સત્યતા જાહેર કરવા દબાણ કરવાની માગ કરવામાં આવી છે.'

સુબ્રમણ્યમ સ્વામી "X"પર બીજી પોસ્ટમાં લખ્યું કે, ચીને લદ્દાખમાં ૪૦૬૪ વર્ગ કિલોમીટર જમીન કબ્જે કરી લીધી છે, મોદી સરકાર આ હકીકતથી કેમ ડરી રહી છે? આજે પણ હું જ્યારે પણ તેના વિશે માહિતી માંગું છું ત્યારે ભારત સરકાર તેના પર પડદો મૂકી રહી છે.

ઉલ્લેખનીય છે કે ૧૫ જૂન ૨૦૨૦ના રોજ પૂર્વી લદ્દાખની ગલવાન ઘાટીમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ અથડામણમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. ચીને તેના સૈનિકોના મૃત્યુ પર મૌન જાળવી રાખ્યું હતું.

## વડાપ્રધાન મોદીએ શેખ હસીના સાથે ફોન પર વાત કરી તેમને પ્રચંડ જીત માટે પાઠવી શુભેચ્છા

### બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ પણ જીત બાદ ભારતને ગાઢ મિત્ર ગણાવ્યુંઃ શેખ હસીનાની પાર્ટી અવામી લીગે સંસદની ૩૦૦ બેઠકોમાંથી ૨૨૩ પર જીત મેળવી





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાને સામાન્ય ચૂંટણીમાં પ્રચંડ જીત બદલ શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે, ભારત બાંગ્લાદેશ સાથે તેની સ્થાયી અને લોકોની સુખાકારી આધારીત ભાગીદારીને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન શેખ હસીનાએ પણ જીત બાદ ભારતને ગાઢ મિત્ર ગણાવી કહ્યુ કે, બંને પડોશીઓએ દ્વિપક્ષીય રૂપે ઘણી સમસ્યાઓનું સમાધાન કર્યું છે.

વડાપ્રધાન મોદીએ ટ્વિટર એક્સ પર પોસ્ટમાં કહ્યું કે, 'મેં વડાપ્રધાન શેખ હસીના સાથે વાત કરી અને સંસદીય ચૂંટણીમાં સતત ચોથી વખત ઐતિહાસિક જીત મેળવવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા. હું બાંગ્લાદેશના લોકોને પણ સફળ ચૂંટણી માટે અભિનંદન પાઠવું છું. અમે બાંગ્લાદેશ સાથે અમારી સ્થાયી અને જન-કેન્દ્રીય ભાગીદારીને વધુ મજબુત કરવા પ્રતિબદ્ધ છીએ. '

બાંગ્લાદેશમાં ૭ જાન્યુઆરી રવિવારે સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાયું હતું, જેમાં શેખ હસીનાના નેતૃત્વ હેઠળની આવામી લીગ પાર્ટીએ પ્રચંડ જીત મેળવી છે. મુખ્ય વિપક્ષી બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી અને તેની સહયોગીઓએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. અહેવાલો મુજબ અવામી લીગે સંસદની ૩૦૦ બેઠકોમાંથી ૨૨૩ પર જીત મેળવી છે. એક ઉમેદવારના નિધનને કારણે ૨૯૯ બેઠકો પર મતદાન થયું હતું.

## ૧૦ પાસ ઉમેદવારો માટે રેલવેમાં પરીક્ષા વિના નોકરીની તક, 3000 હોદ્દા પર ભરતી જાહેર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય રેલવેમાં નોકરી મેળવવા માટે હાઈસ્કૂલ પાસ કરેલા અને આઈટીઆઈ કરેલા યુવાનો માટે આ એક મોટી તક છે. પશ્ચિમ મધ્ય રેલવેએ ૩ હજારથી વધુ જગ્યાઓ પર ભરતી માટે અરજીઓ આમંત્રિત કરી છે.જો હજુ સુધી તમે અરજી નથી કરી તો ઉમેદવારો આ પોસ્ટ માટે ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ સુધી અરજી કરી શકે છે. અરજીની પ્રક્રિયા ૧૫મી ડિસેમ્બર ૨૦૨૩થી શરૂ થઇ છે.

રેલવેએ કુલ ૩૦૧૫ એપ્રેન્ટિસની જગ્યાઓ ભરવા માટે અરજીઓ આમંત્રિત કરી છે. આ તમામ હોદ્દા જુદા-જુદા વિભાગોમાં ભરવામાં આવશે, જેની અરજી કરવા માટે ઠઈછની સત્તાવાર વેબસાઇટ wcr.Indian railways. gov.in પર જઇને કરવાની રહેશે.

રેલ્વેમાં આ ભરતીઓ માટે અરજી કરવા માટે કેટલીક લાયકાત છે. જેમ કે ઉમેદવારની ઉંમર ૧૪મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ૧૫ વર્ષ પૂર્ણ કરવી જોઈએ અને મહત્તમ ઉંમર ૨૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ. જ્યારે જઈ અને ST કેટેગરીના ઉમેદવારોને ૫ વર્ષની અને ઘઇઈ કેટેગરીના ઉમેદવારોને ૩ વર્ષની છૂટ આપવામાં આવી છે.

૫૦ ટકા માર્કસ સાથે ૧૦મું પાસ ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકે છે. આ ઉપરાંત અરજદાર પાસે સંબંધિત વેપારમાં ઈઝઈ ડિગ્રી હોવી જોઈએ. પાત્રતા અને વય મર્યાદા વિશે વધુ માહિતી માટે ઉમેદવારો બહાર પાડવામાં આવેલી ભરતી જાહેરાત જોઈ શકે છે.એપ્રેન્ટિસ પોસ્ટ માટેના તમામ અરજદારોની પસંદગી મેરિટના આધારે કરવામાં આવશે. ૧૦ અને ઈઝઈ માં મેળવેલા કુલ માર્કસના આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે અને તે મુજબ પસંદગી કરવામાં આવશે.

# જામનગરના વિજરખી ડેમ પાસે અકસ્માત સર્જાયો

## વીજ પોલના થાંભલા ભરેલા ટ્રકમાંથી પોલ નીચે રસ્તા પર પડતા ટ્રાફિકજામ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ હાઈવે પર વિજરખીના ડેમ પાસે અકસ્માત સર્જાયો હતો. વીજ પોલના થાંભલા ભરેલો ટ્રકમાંથી વીજ પોલ નીચે પડીને રોડ વચ્ચે ઢોળાઈ ગયા હતા. આ વીજપોલ વેરાઈ જતા રસ્તા પર નીકળી રહેલા વાહન ચાલકો સાથે અકસ્માત થયો હતો ત્યારે વાહન ચાલકો સહિત બાળક પણ ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત સર્જાતાની સાથે જ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જામનગરના વિજરખી ડેમ પાસે સિમેન્ટના થાંભલા ભરીને ટ્રક જતો હતો. તે દરમિયાન અચાનક જ થાંભલા ભરેલો ટ્રકમાંથી વીજ પોલના થાંભલાઓ નીચે પડી ગયા અને રસ્તા પર રેલમછેલ થઈ ગયા હતા. રસ્તા પર નીકળતા વાહનો સાથે ટકરાયા હતા. જેથી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા.વીજપોલ ભરીને જઈ રહેલા ટ્રકમાંથી એકાએક વીજપોલ નીચે પડવા લાગ્યા હતા. તે દરમિયાન અકસ્માતમાં એક બાઈક ચાલકને ઈજા થઈ હતી. બીજી બાજુ રસ્તા પર વીજપોલ વેરણ છેરણ થતા ટ્રાફિક જામ સર્જાયો હતો ત્યારબાદ કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો અને ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ દોડી આવતા ટ્રાફિક રાબેતા મુજબ શરૂ કરાવ્યો હતો. વિજરખી ડેમ પાસે વીજપોલ ભરેલા ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. રોડની આવક જાવક બંને સાઈડ એક કિલો મીટર જેટલો લાંબી ટ્રાફિક જામ સર્જાયો હતો. ત્યાર બાદ તાત્કાલિક રોડ પરથી વીજ પોલ હટાવવામાં આવ્યાં હતા અને પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી ટ્રાફિકને નિયમિત શરૂ કરવામાં આવ્યો હતો.

# મોરબીના રંગપર રોડ પર સિરામિક ફેકટરીમાં શોર્ટ સર્કિટને કારણે આગ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રંગપર રોડ ઉપર આવેલ સિરામીક ફેકટરીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા મોરબી ફાયર બ્રિગેડ ટીમ તત્કાળ પહોંચી આગ બુઝાવી હતી.

જાણવા મળતી વિગત પ્રમાણે, મોરબીના રંગપર રોડ ઉપર આવેલ સ્પેન્ટોકોન સિરામિક ફેકટરીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા મોરબી ફાયર ટીમને કોલ મળતા મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. ડીઝલનાં બેરલ અને ડીજી સેટમાં ઓઈલ હોવાને કારણે પાણી સાથે ફોમનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવેલ હતો અને વધારે આગને પસરતી અટકાવેલ હતી.આ આગ લાગવાના બનાવમાં સિરામિક ફેકટરીના માલિકે અંદાજે ૩ કરોડનું નુક્સાન બતાવેલ હતું સદનસીબે કોઈ જાનહાની થયેલ નથી.

# લ્યો બોલો! ભાયાવદર નગરપાલિકા સરકારી દેવામાં ડૂબી



**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**જામજોધપુર:** સૌરાષ્ટ્રની મોટાભાગની નગરપાલિકાઓ પર જીઈબી અને પાણી પુરવઠા બોર્ડનું દેવું થઈ ગયું છે અહીંની પાલિકા પણ દેવા હેઠળ દબાયેલી છે એ આ પાલિકા પણ સાડાબાર કરોડનું જંગી દેવું ચડી ગયું છે વીજળી બિલના સાત માસના રૂપિયા ૫૦ લાખ ચડી ગયા પાણીના રૂપિયા ૧૨ કરોડ બાકી ભાયાવદર ની ૨૫૦૦૦ ની વસ્તીવાળા શહેરની પાલિકા પર સાતમાસમાં વીજ બિલ પેટે અડધો કરોડ બાકી થઈ ગયા છે જેના કારણે ગમે ત્યારે કનેક્શન કપાઈ જાય એવી હાલત છે આ ઉપરાંત પાણી પુરવઠા બોર્ડના લાંબા સમયથી રકમ ચડતા ચડતા બાર કરોડ જેવી રકમ બાકી થઈ ગઈ છે આમ આ પાલિકા પર સાડા બાર કરોડનું જંગી દેવું ચડી ગયું છે અહીં કરવેરા વસુલાત રેસીઓ જો ૮૭% થઈ જાય તો પણ દર વર્ષે સંચાલનમાં ૭૨ લાખની ઘટ આવે છે નગરપાલિકા થી ઓફિસર આર.સી દવે કહે છે કે અમે હવે વેરા વસુલાત કામગીરી કડક રીતે આદરશુ.

# જામનગર શહેરના સેટેલાઈટ સોસાયટીમાંથી ઘોડીપાસાનો જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સેટેલાઈટ સોસાયટી વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડી ઘોડીપાસા વડે હારજીતનો જુગાર રમી રહેલા પાંચ શખ્સોની અટકાયત કરી લીધી છે. જામનગરમાં સેટેલાઈટ સોસાયટી, હુશેની ચોકમાં કેટલાક શખ્સો એકત્ર થઈને ઘોડી પાસાનો જુગાર રમી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે સીટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો, જે દરોડા દરમિયાન પાંચ શખ્સો ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા મળી આવ્યા હતા. આથી પોલિસે અસગર અનવરભાઈ ગરાણા, મહેબૂબ જમાલભાઈ શેખ, અશફાક જુમાભાઈ આંબલીયા, જાવેદ ઈકબાલભાઈ શમા, અને હશન હાજી આંબલીયાની પોલીસે અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૪,૭૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગર સહિત રાજ્યમાં ઘરફોડ ચોરી આચરતી ગેંગ ઝડપાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, અમરેલી રાજકોટ ઉપરાંત મહારાષ્ટ્રમાં થયેલી ઘરફોડ તેમજ વાહન ચોરીના જુદા જુદા બનાવોમાં આંતર રાજ્ય તસ્કર ગેંગને ઝડપી પાડવા દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસને સફળતા મળી છે.છેલ્લા કેટલાક સમયગાળા દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાઇક ચોરીના તેમજ ઘરફોડ ચોરીના બનાવો બન્યા હતા. આ જ પ્રકારના બનાવો મોરબી, રાજકોટ, અમરેલી તથા જામનગરના જુદા જુદા વિસ્તારોમાં પણ નોંધાયા હતા. ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાંથી આજથી આશરે એક માસ પૂર્વે ઘરફોડ ચોરી તેમજ બાઇક ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જે સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ગંભીરતાપૂર્વક કામગીરી કરી, આ ગુનાઓનો ભેદ ઉકેલવા એલસીબી પોલીસને સુચના આપી હતી.જેના અનુસંધાને એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ દ્વારા પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તથા એસ.વી. ગળચર સહિતની ટીમ બનાવી અને વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. એલસીબી ટીમ દ્વારા ખંભાળિયા ટાઉન અને હાઈવે પરના ટોલ ગેઈટ સહિતના સીસીટીવી કેમેરાની ચકાસણી તેમજ આ અંગેની તપાસમાં ચાર જેટલા શંકાસ્પદ લોકોની ખંભાળિયા બાદ જામનગર, રાજકોટ, ચોટીલા, લીંબડી, બગોદરા, તારાપુર ચોકડી સુધીના સીસીટીવી કેમેરાઓના ફૂટેજમાં જોવા મળી હતી.આ અંગેની વધુ તપાસમાં એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડા દ્વારા હ્યુમન સોર્સીસથી મળેલી બાતમીના આધારે મધ્યપ્રદેશ રાજ્યના ધાર જિલ્લાના કુકસી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક લવર મુછીયા છોકરાઓ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ પ્રકારે ઘરફોડ ચોરી કરીને મુદ્દામાલ તેમજ ટુ વ્હીલર લઈ આવ્યા હોવાથી ટેકનિકલ સેલ વિભાગના પી.એસ.આઈ. એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડા અને પ્રકાશભાઈ ચાવડાની ટીમ દ્વારા કામગીરી કરી અને એલસીબીની ચોક્કસ કર્મચારીઓની ટીમ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં તપાસણી અર્થે દોડી ગઈ હતી. જ્યાં લાંબી જહેમત બાદ ટાંડા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી ગોરડિયા ગામના સંજય સુમલસીંગ વસનીયા, વિનોદ કાલુ મસાનીયા, સુરેશ ભુરસીંગ.મસાનીયા અને કાકડકુવા ગામના સોહન કમલસિંગ માવી નામના ચાર આદિવાસી શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા.ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૧૦૮,૫૬૦ ની કિંમતના સોનાના દાગીના, રૂપિયા ૧,૮૫,૦૦૦ની કિંમતના સાત મો-બાઈક રૂ. ૩,૩૬૬ રોકડા, રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન, રૂ. દસ હજારની કિંમતનું એક લેપટોપ ઉપરાંત એમ્પ્લીફાયર, લોખંડના જુદા જુદા સાધનો વિગેરે મળી, કુલ રૂ. ૩૨૩,૬૨૬ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ઝડપાયેલા આ શખ્સોની સઘન પૂછતાછમાં મધ્યપ્રદેશ રાજ્યમાં જ રહેતા અન્ય ૧૦ શખ્સો વિકાસ ઉર્ફે ઇકાસ ઉધનસિંગ ભાભર, રાજુ થાવરે ભાભર, અંતરસિંગ ખુરબસિંગ મસાનીયા, સુખરામ કંગરશીંગ, વિશાલ જવરસીંગ મંડલોઇ, ખુમાનસીંગ થાઉ બામણીયા, આરમસીંગ લીમસીંગ પસાવા, શંકર ભંગુ મસાનીયા, સોમલા બદનસિંગ મંડલોઇ, મહેશ કાલુ ભુરીયાની પણ સંડોવણી હોવાની કબૂલાત પોલીસ સમક્ષ આપવામાં આવી હતી.ઉપરોક્ત આંતરરાજ્ય તસ્કર ટોળકીના સભ્યો દ્વારા ખંભાળિયા, જામનગર, લાલપુર, સિક્કા, અમરેલી, રાજકોટ ઉપરાંત મહારાષ્ટ્રના પુણે વિસ્તારમાં આચરેલા ચોરીના ગુનાઓ ચોપડે નોંધાયા છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરના વઢવાણ અને મોરબી જિલ્લામાં પણ તેઓએ કરેલી ચોરી પોલીસ સમક્ષ કબૂલી હતી. આ તસ્કર ટોળકી દ્વારા જે-તે ગામમાં રેલવે ટ્રેક નજીક આવેલી સોસાયટી અને કોલોનીમાં જઈને બંધ મકાનને ટાર્ગેટ કરી અને ચોરીના સાધનો વડે ઘરફોડ ચોરી કરવા ઉપરાંત નજીકમાં રહેલા વાહન પણ તેઓ ચોરી કરીને લઈ જતા હતા. આરોપી શખ્સો રેલવે ટ્રેક નજીક જ ચોરી કરવાનું વધુ પસંદ કરતા હતા. કારણકે જો તેઓ પકડાઈ.જાય તો આ સ્થળે રહેલા પથ્થર વડે પથ્થરમારો કરીને હુમલો કરી, નાસી છૂટવામાં સફળ બને તે પ્રકારની મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવતી હતી.આ શખ્સોની વિધિવત રીતે ધરપકડ કરી, એલ.સી.બી.ના પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી દ્વારા જરૂરી કાર્યવાહી

# મોરબી ખાતે આયોજીત ફ્રી મેડિકલ કેમ્પનો ૧૦૦ દર્દીઓએ લાભ લીધો




**મુખ્ય સમાચાર, મોરબી**

ડો. હસ્તીબેન મહેતાના ૧૩૧ માં એક દિવસીય નિદાન તેમજ ત્રિદિવસીય સારવાર કેમ્પ નું આયોજન સન હાર્ટ ગ્રુપ મોરબી માતુશ્રી ગૌરીબેન ગણેશ ભાઈ વરમોરા હસ્તે ગોવિંદ ભાઈ દ્વારા માટેલ ઢુવા ચોકડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા દર્દીએ લાભ લીધો હતો .આ કેમ્પમાં દર્દીનું વજન ,બ્લડ સુગર ફ્રી ટેસ્ટ કરી આપવા સાથે બી.પી. ચેક કરી ત્રણ દિવસ ની દવા આપેલ.આ કેમ્પમાં સાંધા , હાડકાં અને વા ના દર્દીઓને જયસુખભાઈ પટેલે માત્ર પોઇન્ટ દ્વારા સારવાર આપી હતી. જેનાથી દર્દીઓએ દર્દ માં રાહત અનુભવી હતી.આ કેમ્પને સફળ બનાવવા માટે ગોવિંદ ભાઈ વરમોરા,જયંતિભાઈ ધોરિયાણી તથા તેમના સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવેલ. કેમ્પ સહાયક તરીકે કોઠારી ભાઈ, રશ્મિનભાઈ દેસાઈ,કેતન ભાઈ મેહતા, કૌશિકા રાવલ, તોષા રાવલે સેવા આપેલ.

આ તકે ડો. હસ્તી મહેતાની અવિરત દર્દીનારાયણ પ્રત્યેની ઉમદા સેવાભાવનાની કદર કરતાં આયોજક તરફથી તેમને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

# મોરબીના થોરાળા ઉમિયા સોશ્યલ ગૃપ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

## સમાજમાં કુરિવાજો દૂર કરી એકતા જાળવી રાખવા માટે સૌને હાકલ કરાઈ






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના થોરાળા ગામના મોરબીમાં નિવાસ કરતા નાગરિકોના થોરાળા ઉમિયા સોશ્યલ ગૃપ દ્વારા પટેલ સમાજવાડી, શનાળા ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોના હસ્તે દીપ પ્રાગટય કરી આ સ્નેહ મિલન કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સમાજના આગેવાનો દ્વારા સમાજમાં એકતા જાળવી રાખવા માટે સૌએ પોતાનું યોગદાન આપવા માટે હાકલ કરવામાં આવી હતી. ઉપરાંત સમાજમાં હજી પણ ક્યાંક ક્યાંક રહેલા કુરિવાજો દૂર કરી વ્યસન મુક્ત સમાજનું નિર્માણ કરવા માટે સૌને પ્રાસંગિક દ્વારા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ સ્નેહ મિલન કાર્યક્રમ અંતર્ગત બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા જે બાળકોનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થોરાળા ઉમિયા સોશ્યલ ગૃપના નવા પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી અને ખજાનચીની વરણી કરવામાં આવી હતી. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં મૂળ થોરાળાના નિવાસી અને વર્ષોથી મોરબીમાં વસવાટ કરતા પરિવારો તથા થોરાળા ગામમાં નિવાસ કરતા સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મકરસંક્રાંતિને ધ્યાનમાં લઈને રાજુલા નેચર ક્લબની જાહેર અપીલ



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા માં મકરસંક્રાંતિ નજીક આવતા ૧૦૦ જેટલા પતંગ અને દોરીના કેબિન શરૂ થઈ ગયા ચાઈનીઝ દોરી કોઈપણ કેબીન ધારક લાવશે તો કાયદેસર થશે રાજુલામાં હવે તહેવારો નજીક આવતી રહેશે તેમ છેલ્લા બે દિવસથી ૧૦૦ જેટલી લારીઓ અને દુકાનો પતંગ દોરી અને દોરી પાવાનું મશીન ઠેર ઠેર જોવા મળી રહ્યું છે આ વર્ષે પતંગ ની ડિઝાઇનમાં રાજકીય મહાનુંભાવો ફિલ્મ એક્ટરો ના ફોટા અંગ્રેજીમાં લખાણ એવા અનેક જાતના પતંગ રાજુલાની દુકાનોમાં જોવા મળી રહ્યા છે લારીમાં વેચનારા પતંગ વાળા પણ દુકાનો ભાડે રાખી પતંગનું વેચાણ સારું કરી રહેલ છે તેમ પતંગનો જથ્થો પણ બહારથી ખૂબ જ લાવ્યા છે અને પછી જેટલા દોરા પાવાના મશીન પણ સગડીઓ દ્વારા શરૂ કરી દીધા છે આમ આ વર્ષે ખેડૂતોને નબળું વરસ હોવા છતાં અત્યાર થી જ ખરીદી શરૂ થવા લાગેલ છે બીજી અત્યાર થી પતંગ ઊંચા ભાવના વેચતા હોવાનું જાણવા મળેલ છે ત્યારે અત્યાર થી લાંબી દોરી અને ફીરકી વધુ પ્રમાણમાં વેચાણ થતું હોવા નું જાણવા મળ્યું આમ રાજુલામાં અત્યારે જાફરાબાદ રોડ શ્યામ નવી બિલ્ડીંગની દુકાનોમાં તેમજ ખાંચા ગલી જાફરાબાદ રોડ ઉપર દુકાનો ભાડે રાખી પતંગ ની દુકાનો શરૂ થઈ ગઈ છે આ શ્યામ કોમલેક્સ બિલ્ડિંગપાસે વેપારી ઓ એ ભારે આકર્ષણ બનાવેલ છે જેથી ગામમાંથી લોકો આ રોડ ઉપર બાળકો સાથે પતંગ લેવા આવી રહ્યા છે દુકાન ધારકો ને પર્યાવરણ પ્રેમી વિપુલભાઈ લહેરી અને અને રાજુલા નેચર કલબ અને તેમની ટીમ દ્વારા જણાવ્યું કે પક્ષી બચાવ માટે અમારી ટીમ દર વર્ષે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ને સહયોગ આપી દોરીથી ઈજા થયેલા કબુતર હોય કે પક્ષી હોય તે વન ખાતામાં મૂકવા જઈએ છીએ ત્યારે અમારી ટીમ સંકલન કરી સાથે કામ કરી રહી છે અને પક્ષીઓ જ્યાં ત્યાં ઇજા ગ્રસ્ત બને ત્યારે અમારી ટીમ તુરત જ મદદ માટે જાય છે તો અત્યારે પણ અમારી પતંગ વેચનારાઓને વિનંતી છે કે કોઈપણ ચાઈનીઝ દોરી વેચશો નહિ અને જો વેચશે તો તેની ઉપર કાયદેસર કાર્યવાહી થશે.

# હળવદની ઉમા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ વિસરાઈ ગયેલી ટપાલોને જીવંત રાખવા કર્યો નવતર પ્રયોગ




**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** શ્રી ઉમા કન્યા વિદ્યાલય હળવદ ની ધોરણ ૧૨ ની વિદ્યાર્થીનીઓ એ વિસરાઈ ગયેલી ટપાલો ને જીવંત કરવા માટે એક નવતર પ્રયોગ કર્યો. મોબાઈલ યુગમાં ભાગ્યે જ કોઈક ના ઘરે ટપાલ આવતી હોય છે. ધોરણ ૧૨ના અભ્યાસક્રમમાં તાર ટપાલ વિભાગ નો ટોપિક છે. આ ટોપિક ને અનુલક્ષીને હોસ્ટેલમાં રહેતી ધોરણ૧૨ની વિદ્યાર્થિનીઓએ પોતાના પરિવારને એક ટપાલ લખીને મકરસંક્રાંતિ ના તહેવારમાં પતંગ ચગાવતી વખતે અગાસી ઉપરથી પડવાથી, વીજળીના તારને અડકવાથી થતા અકસ્માતોથી બચીને સુરક્ષિત રહેવાની વાત કરી છે. ખુલ્લા આકાશ માં ઉડતા પક્ષીઓ ને નુકસાન ન થાય તે માટે ચાઈનીઝ દોરી નો ઉપયોગ ટાળવો જોઈએ. જીવ દયા ની ભાવના વ્યક્ત કરી છે. મકરસંક્રાંતિ ના તહેવારોમાં સાવચેતી રાખીને પતંગ ચગાવી ને તહેવારોની ઉજવણી કરવી જોઈએ. વર્તમાન સમયમાં ટપાલ નું મહત્વ વિસરાઈ રહ્યું છે ત્યારે આ વિદ્યાર્થીનીઓએ પોતાના ઘરે ટપાલ લખીને ટપાલના મહત્વ ને જીવંત રાખ્યું છે. એક સમય હતો જ્યારે લોકો દિવાળીના સમયે પણ ટપાલ લખીને એકબીજાને શુભેચ્છાઓ પાઠવતા હતા. પૌરાણિક સમયમાં ટપાલ નુ આગવું અને અનોખું મહત્વ હતું.

# મોરબી જીલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માળીયા તાલુકાના ખાખરેચી ખાતે કરાશે

## પ્રજાસતાક પર્વના આયોજનના ભાગરૂપે કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી પ્રજાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૪ ની મોરબી જિલ્લાકક્ષાની ઉજવણી માળીયા તાલુકાના ખાખરેચી ગામ ખાતે શાનદાર રીતે કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીયપર્વની ઉજવણીની તૈયારીઓ અંગે મોરબી કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.



પ્રજાસત્તાક મહાપર્વની ઉજવણી આનંદ, ઉત્સાહ અને ગરીમાભેર થાય તેવું આયોજન કરવા, પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ધ્વજવંદન, પોલીસ પરેડનું નિરીક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, કોઇપણ ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરી હોય તેવા જિલ્લાના વ્યક્તિઓનું સન્માન, સરકારી ઈમારતો પર રોશની અને શણગાર, વૃક્ષારોપણ કરવા સહિતના વિવિધ કાર્યક્રમોનું સુચારૂ આયોજન કરવા સુચના આપવામાં આવી હતી.

બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી એન.કે. મુછાર, નાયબ વન સંરક્ષકશ્રી ચિરાગ અમીન, મોરબી પ્રાંત અધિકારીશ્રી સુશીલ પરમાર, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સંદીપ વર્મા, સહિત સબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાલપુર તાલુકાના ૧૯ ગામોને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન માટે ઈ-રીક્ષા અર્પણ કરવામાં આવી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને લાલપુર તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ મેયબેન ગરસર અને મંચસ્થ મહેમાનોના હસ્તે લાભાર્થીઓને મંજૂરી પત્રો અર્પણ કરાયા હતા. તેમજ મંચસ્થ મહેમાનોના હસ્તે લાલપુર તાલુકા પંચાયત હેઠળ સમાવિષ્ટ ૧૯ ગામોને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન માટે ઈ-રીક્ષાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે જામનગર જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી અને સ્વચ્છ ભારત મિશન.ગ્રામીણ. દ્વારા ઘરે-ઘરેથી વેસ્ટ કલેક્શન નિયમિતપણે કરવામાં આવે છે. આ અત્યાધુનિક ઈ-રીક્ષાના વપરાશથી સમય, નાણાં અને શક્તિનો બચાવ થાય છે.આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ અન્ય સરકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાનીમાં પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ ઉપરાંત વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરેલા લાલપુરના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં લાલપુર ગ્રામ સરપંચ જયેશ તેરૈયાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ સરકારની વિવિધ યોજનાઓની જાણકારી ગ્રામજનો સમક્ષ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયા બાદ તેમનું પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભીનું સ્વાગત કરાયું હતું. વીર સાવરકર હાઈસ્કૂલની વિધાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિમલ ગઢવી, લાલપુર તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા, લાલપુર પ્રાંત અધિકારી અસવાર, લાલપુર તાલુકા વિકાસ અધિકારી પંકજ મહેતા, લાભાર્થીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહયા હતા.

# કાલે રાજકોટની ડીએચ કોલેજના ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાંજર્મની, ઈરાક, મલેશિયા, ઈઝરાઈલ, ઇટાલી, જોર્ડન, કોરિયા, લેબનોન, નેપાળ, નેધરલેંડ, યુ.કે., જોર્જિયા, ઇસ્ટોનિયા સહિતના દેશોના પતંગવીરો જોડાશે.

આ આંતરરાષ્ટ્રીયપતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાતનુપ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમઆવર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુ રાજકોટમહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે તા.૧૦-૦૧-૨૦૨૪ બુધવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ





ખાતેયોજાશે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાંજર્મની, ઈરાક, મલેશિયા, ઈઝરાઈલ, ઇટાલી, જોર્ડન, કોરિયા, લેબનોન, નેપાળ, નેધરલેંડ, યુ.કે., જોર્જિયા, ઇસ્ટોનિયા સહિતના દેશોના પતંગવીરો આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડાશે. આઆંતર રાષ્ટ્રીયપતંગ મહોત્સવમાં ભારત દેશના બિહાર, મહારાષ્ટ્ર, પંજાબ સહિતના રાજ્યોના પતંગવીરો જોડાનાર છે.આ આંતરરાષ્ટ્રીયપતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં કેબીનેટ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા, રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ,ડો.દર્શિતાબેન શાહ,શ્રી રમેશભાઈ ટીલાળા,ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા,ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર,મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ,શાસક પક્ષ નેતાશ્રી લીલુબેન જાદવ,દંડક મનિષભાઈ રાડીયા,ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડના કમિશનર અને મેનેજીંગ ડીરેક્ટર ડો.સૌરવ પારધી,રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલિયા,ડો.માધવભાઈ દવે,વિરેન્દ્રસિંહ ઝાલા,સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારી વગેરે ઉપસ્થિત રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ શહેરીજનોને આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડાવા તેમજ નિહાળવા ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

# જુની પેન્શન યોજના ફરી લાગુ કરવા રેલવે કર્મચારીઓના ધરણા




સરકાર દ્વારા જુની પેન્સન યોજના બંધ કરાય છે. જેને લઈ વ્યાપક આંદોલન કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહયા છે. આજે કોઠીકંપાઉન્ડ ખાતે પશ્ચીમ રેલવે કર્મચારી યુનિયનના હોદેદારો દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો હતો. તેમા માંગ કરવામાં આવી હતી કે દરેક સરકારી કર્મચારીઓ માટે જુની પેન્સન યોજના લાગુ કરવામાં આવી યુનિયનના હોદેદારો તેમજ કર્મચારીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરાયા હતા.

# રાજકોટ મનપા, રોટરી મીડ ટાઉન અને સાયકલ કલબના ઉપક્રમે સાયકલોથોન યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ ૧૦મી ગ્લોબલ સમિટ અન્વયેરાજકોટ મહાનગરપાલિકા, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાઈકલ કલબ દ્વારાઆજે તા.૦૯-૦૧-૨૦૨૪ને મંગળવારના રોજ શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી,પ્લેનેટોરિયમ પાસે, રેસકોર્ષ ખાતે સવારે ૦૭:૦૦ કલાકે સાયકલોથોનયોજવામાં આવેલ. જેનો શુભારંભ રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર મંજુબેન કુંગશીયા, ચેતનભાઈ સુરેજા, દેવુબેન જાદવ, બીપીનભાઈ બેરા, વિનુભાઈ




સોરઠીયા, દક્ષાબેન વાઘેલા, વજીબેન ગોલતર, સાયકલ કલબના પ્રતિનિધિ દિવ્યેશભાઈ અઘેરા, ઈ.ચા.નાયબ મ્યુનિ. કમિશનર એચ. આર. પટેલ ઉપસ્થિત રહેલ હતા. મંચસ્થ સર્વે મહાનુભાવો દ્વારા સાયકલોથોનને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. સાયકલોથોનમાં મોટી સંખ્યામાં સાયકલીસ્ટોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સાંસદ સભ્ય રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત ૧૦મી સમિટ યોજાયેલ છે ત્યારે આજે રાજકોટ સહિત ગુજરાતના અન્ય ગામોમાં પણ આવા પ્રકારના કાર્યક્રમો યોજાયા છે. સવાર સવારમાં સાયકલ ચાલવવાથી પોતાનું સ્વાસ્થ્ય સારું રહે છે સાથે સાથે રાજકોટ, રાજ્ય, દેશને પણ સ્વસ્થ રાખે છે. તેમણે સાયકલોથોનમાં ભાગ લેનાર તમામ સાયકલીસ્ટોને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, સાયકલ એ નિરોગી રહેવા માટેની અને વોકિંગથી પણ બેસ્ટ કસરત છે. સાયકલ ચલાવવાથી ઈંધણની બચત થાય છે અને સાથોસાથ કસરત માટેનો પણ શ્રેષ્ઠ વિકલ્પ છે. લક્ષ્ય સિદ્ધ કરો તો પરિણામ સુધી અવશ્ય પહોંચી શકાય છે. આજે સમગ્ર ગુજરાત માટે ઉત્સવ છે કેમકે આપણા ગુજરાતના આંગણે વાઈબ્રન્ટ ગુજરાતની ૧૦મી સમિટ યોજાઈ છે. જેના માધ્યમથી ગુજરાતનો વિકાસ વધુ વેગ પકડશે. મેયરશ્રીએ સાયકલોથોનમાં ભાગ લેવા બદલ તમામ સાયકલીસ્ટો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ અને મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ વડે સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા કરવામાં આવ્યું. આ સાયકલોથોનમાં ભાગ લેનાર ૧૧ સાયકલીસ્ટોને લક્કી ડ્રો દ્વારા સાયકલ ઇનામ સ્વરૂપે આપવામાં આવ્યા. જેમાં અભિષેક પરમાર, રાજેશ હિરપરા, વીરા મારૂ, દિવ્યકાંત મહેતા, સતીષ મંકોડીયા, ઉજ્જૈનચંદ્ર સોની, જતીન અસરાની, ફેન્સી કગથરા, વત્સલ લાવડિયા, નુરાનુદીન સાદીલકોટ અને અક્ષત લાડવાનો સમાવેશ થાય છે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ શહેરના નાગરીકો નોન મોટરાઈઝ્ડ વ્હીકલનો ઉપયોગ કરે, નિરોગી રહે, સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પોતાના જીવનમાં કાયમી સાઈકલનો ઉપયોગ કરવા અનુરોધ કરેલ છે.

# વાંકાનેરના નવા ઢૂવા નજીક દારૂના કટીંગ વેળાએ પોલીસ ત્રાટકી:એક ઝડપાયો ત્રણ નાસી ગયા

## વાંકાનેર પોલીસે વિદેશી દારૂની નાની મોટી ૨૪૦ બોટલ, ઈકો કાર, બે બાઈક સહીત ૪.૭૨લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના નવા ઢૂવાથી લાકડધાર જવાના રસ્તે બંધ હાલતમાં રહેલ સિરામિકની પાછળ આવેલ ખુલ્લા પટ્ટમાં ઈકો કારમાં વિદેશી દારૂ મંગાવી તેનું કટીંગ ચાલતું હોવાની વાંકાનેર પોલીસ સ્ટાફને બાતમી મળી હતી. જે બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની ૨૪૦ નંગ બોટલ સાથે એક ઈસમને ઝડપી લેવામાં સફળતા મળી હતી. જ્યારે ઈકો કાર ચાલક તથા બે બાઈક ઉપર આવેલ અન્ય બે ઈસમ પોલીસને જોઈ નાસી ગયા હતા. ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ઈકો કાર, બે બાઈક કબ્જે કરી પકડાય ગયેલ શખ્સની સઘન પૂછપરછમાં અન્ય બે શખ્સો સહીત ત્રણ વિરૂદ્ધ નામજોગ ફરિયાદ તેમજ ઈકો કાર ચાલક તથા માલ મોકલનાર થતા પોલીસ તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી હતી કે નવા ઢૂવા નજીક આવેલ લાકડધાર જવાના રસ્તે બંધ પડેલ સ્વીફ્ટ સીરામીક કારખાનાની પાછળના ખુલ્લા પટ્ટમાં અમુક લોકો વિદેશી દારૂ મંગાવી તેનું કટીંગ કરી રહ્યા છે. જે આધારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમે ખુલ્લા પટ્ટમાં દરોડો પાડતા પોલીસને આવતા જોઈ સ્થળ ઉપરથી હાજર બધા શખ્સો અંધારામાં ભાગવા લાગ્યા હતા. જયારે પોલીસના હાથે એક શખ્સ ઝડપાય ગયો હતો. ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ઈકો કાર રજી. નંબર GJ-03-MH-4867 કીં.રૂ.૩,૦૦,૦૦૦/- વાળીમાં ભારતીય પરપ્રાંત બનાવટના ઇંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૪૦ કીં.રૂ.૮૭,૧૨૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કીં.રૂ.૫,૦૦૦/- મોટર સાયકલ નંગ-૦૨ કીં.રૂ.૮૦,૦૦૦/- તથા ઇકોમાંથી મળી કુલ કીં.રૂ.૪,૭૨,૧૨૦/- ના મુદામાલ કબ્જે કર્યો હતો. આ સાથે પકડાયેલ આરોપી મેરાભાઇ હરેશભાઇ ભાટીયા ઉ.વ.૨૨ રહે હાલ-ઉંચી માંડલ તા.જી.મોરબી મુળગામ-કોંઢ તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર તેમજ તેની સાથેના અન્ય નાસી જનાર આરોપી શખ્સ કુલદીપભાઇ ખુમાણભાઇ પઢીયાર રહે હાલ-ઘુંટુ,રામકો સોસાયટી તા.જી.મોરબી મુળ ગામ-ધર્મેન્દ્રગઢ તા.મુળી જી.સુરેન્દ્રનગર, પ્રવીણભાઇ કેશુભાઇ પરમાર હાલ રહે.ઘુંટુ,રામકો સોસાયટી તા.જી.મોરબી તથા ઈકો કારનો ચાલકને હાલ પોલીસે ફરાર દર્શાવી વિદેશી દારૂ મોકલનાર તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

# છોટુનગર મફતીયાપરામાં પૂત્રવધૂની છેડતી કરતા શખ્સને ટપારતા પિતા-પુત્રી પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ ઉપર છોટુનગર મફતીયાપરામાં પુત્રવધૂની છેડતી કરતાં શખ્સને ટપારતા ચાર શખ્સોએ પિતા પુત્રી ઉપર હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ હતી જ્યારે સામા પક્ષે મહિલાને ત્રણ શખસોએ લાકડીથી માર માર્યાની વળતી ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી છે.

શહેરના છોટુનગરમાં રહેતા ૭૨ વર્ષીય વૃધ્ધ ચમનભાઈ ગગાભાઈ લોલાડીયાએ પાડોશમાં રહેતા અનિલ રાકૂચા, પરસોતમભાઈ, રમેશભાઈ અને રાજેશભાઈ સામે ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અનિલ પુત્રવધૂની છેડતી કરી અડપલાં કરતો હોય મારી દીકરી વચ્ચે પડતાં તેને ફડાકા ઝીંકિ દીધા હતા મારી ઊંઘ ઉડતા મે બહાર જઈ અનિલને ઠપકો આપતા અન્ય આરોપીઓ પણ ધસી આવ્યા હતા અને ગાળો ભાંડી પાઇ પથી હુમલો કર્યો હતો મારી દીકરી વચ્ચે પડતાં તેના ઉપર પણ હુમલો કર્યો હતો જેથી લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા અને ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે કાજલબેન અનિલભાઈ રાકૂચાએ વળતી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ઝઘડાનો ખાર રાખી પ્રહલાદ લોલાડીયા, અજય લોલાડીયા અને હિતેશ લોલાડીયાએ ઝઘડો કરી ગાંડો ભાંડી લાકડીથી હુમલો કરતાં ઇજા થતાં હોસ્પિટલે ખસેડાયા હતા અને ત્રણ સામે ફરિયાદ નોંધાવી હતી.

# ટંકારા પાસે ટ્રક ચાલકે નશો કરેલી હાલતમાં પોલીસવાન સહિત અને વાહનોને ઠોકરે ચડાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારામાં ટ્રક ચાલકો બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ગઈકાલે બપોરના સમયે એક નશામાં ધૂત ટ્રક ચાલકે બાઈક, કાર તથા એક પી.સી.આર વાહનને હડફેટે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. તેમજ બનાવને પગલે પોલીસે ટ્રક ચાલકને પકડી પાડી સમગ્ર મામલે પોલીસે જ ફરિયાદી બની ગુન્હો દાખલ કર્યો છે. અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મળતી માહિતી અનુસાર, ગઈકાલે બપોરના સમયે GJ-13- AT-8397 નંબરનાં આઇસર ટ્રકના ચાલક અજયભાઈ રાજેશભાઈ મકવાણા (રહે-રાજકોટ ચુનારવાડ શીવાજીનગર શેરી નં.૨૧ જી.ઈ.બી.પોલીસ સ્ટેશન સામે દુધસાગર રોડ રાજકોટ)એ પોતાની ટ્રક કેફી પ્રવાહી પીધેલ હાલતમા પુરઝડપે અને બેફીકરાઈથી પોતાની તથા મનુષ્યની જીદગી જોખમાય તે રીતે ડ્રાઇવીંગ લાયસન્સ વગર ચલાવી મિતાણા પુલ પાસે રહેલ GJ-36-AD-3626 નંબરની હિરો સ્પેલેન્ડર મોટરસાઈકલને હડફેટે લઈ મોટરસાઈકલ સવાર લોકોને શરીરે ઈજા કરી તેમજ જીજે-૩૬-૦૩-એડી-૬૭૪૭ નંબરની ઈકો રકારને હડફેટે લઈ ઈકો ગાડીમા નુકશાન કરી તેમજ પી.સી.આર વાહન પી-૧૦૦ મા જમણી બાજુ નુકશાન કરતા પોલીસે સમગ્ર મામલે આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધી તેની રૂ.૫,૦૦,૦૦૦/-ની આઇશર કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પર્યટન તેમજ ધાર્મિક સ્થળોએ હોટલ બુકીંગના નામે ચિટીંગ કરનાર પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા સાયબર ક્રાઇમે મુખ્ય સુત્રધારને દબોચી લીધો.ભારતના વિવિધ પર્યટન ધાર્મિક સ્થાનોની હોટલ-રિસોર્ટને ટાર્ગેટ કરી બુકીંગના નામે પ્રવાસીઓ સાથે છેતરપીંડી કરનાર મુખ્ય સુત્રધારને રાજસ્થાનથી દ્વારકા સાયબર ક્રાઇમ પકડી લાવી છે.આજના આધુનીક ઇન્ટરનેટના યુગમાં હોટલો/આશ્રય સ્થાનો દ્વારા અવાર નવાર ભાવીકોને સગવડતા મળી રહે માટે ઓનલાઇન બુકીંગ વેબસાઇટ/ગુગલ એડસ મુકવામાં આવે છે જેના પર રોકાણ માટે ઓનલાઇન એડવાન્સ બુકીંગ કરી શકાય છે જેનો લાભ લઇ કેટલાક તકસાધુ લોકો હોટલની વેબસાઇટ જેવી જ બનાવટી / ફેક વેબસાઇટ



બનાવી હોટલ બુકીંગ ફ્રોડ કરતા હોય છે જેના કારણે દર્શનાર્થે આવતા ભાવીકોને હાલાકી ભોગવવી પડતી હોવાની માહિતી મળતા પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવએ પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય તથા મદદનીશ પોલીસ અધિક્ષક રાઘવ જૈનએ ખુબજ ગંભીરતાથી લઇ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેને હોટલ બુકીંગ ફ્રોડના બનાવોને ત્વરીતે ગુના શોધી કાઢવા સુચના માર્ગદર્શન આપેલ.જે બાબતે દ્વારકા પોલીસ સ્ટે ગુનો દાખલ કરી ગુનાના મુળ સુધી પહોચી ગુનાના આખા નેટવર્કનો પર્દાફાસ કરી મુખ્ય સુત્રધારને ધરપકડ કરવા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશના પીઆઇ એ.વાય. બલોચને જરી સુચના માર્ગદર્શન આપી ટીમ સાથે તુરંત રવાના કરી ટીમનુ સતત મોનીટરીંગ રાખી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેની ટીમ દ્વારા સૌપ્રથમ લખનઉ ઉત્તરપ્રદેશથી ફેક વેબસાઇટ બનાવનાર આરોપીની ધરપકડ કરવામાં આવેલ ત્યારબાદ ગુનાઓમાં વપરાતા સીમકાર્ડ વડોદરા ખાતેથી એકટી જતા હોવાની માહીતી મળતા વડોદરા ખાતેથી ગેરકાયદે પ્રિ-એકટીવ સીમકાર્ડ વિક્રેતાઓની ધરપકડ કરી ગુનાના મુળ સુધી પહોચવા માટે મુખ્ય સીમકાર્ડ વિક્રેતાને સાથે રાખી રાજસ્થાન ખાતે તપાસ કરતા મુખ્ય સુત્રધારને પકડી લાવવામાં સફળતા મળી હતી.રાજસ્થાનના ઘોઘર ગામના સંજી હનીફ મેવની ધરપકડ કરી હતી, સાયબર પોલીસે દ્વારકાના ૪, અંબાજી, ધોળકા, આણંદાના ૧-૧ ગુના શોધી કાઢેલ છે.

# મોરબી નવયુગ શૈક્ષણિક સંકુલ ખાતે વાલીઓ માટે સેમીનારનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની નવયુગ શૈક્ષણિક સંકુલ ખાતે કેજી તથા ધોરણ ૧ થી ૧૨ ના વાલી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રખ્યાત મોટીવેશનલ અને સુપ્રસિદ્ધ કેળવણીકાર એવા નેહલબેન ગઢવી દ્વારા માતા -પિતાને સચોટ માર્ગદર્શન આપવામાં આવેલ.તેમજ સંસ્થાના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયાસરના વક્તવ્ય દ્વારા વાલીશ્રીઓને સંબોધવામાં આવ્યા હતા. નવયુગ





એજ્યુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી રંજનબેન પી. કાંજીયા તેમજ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બળદેવસર સરસાવાડિયા એ હાજરી આપી હતી આ વાલી સેમિનારમાં બહોળી સંખ્યામાં વાલીશ્રીઓએ હાજરી આપી હતી.

# જામનગરમાંથી રૂ. ૨.૫ લાખની કિંમતનો ૫૫૦ લીટરથી વધુ ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખાતેથી રૂ. ૨.૫ લાખની કિંમતનો ૫૫૦ લીટરથી વધુ ભેળશેળયુકત ઘીનો જથ્થો જપ્ત કરાયો.ઘીનો ૧૨૦ લી., વનસ્પતિ તેલનો ૩૨ લી., પામોલીન તેલનો ૧૦૦ લી. અને ઈન્ટર એસ્ટરીફાઇડ વેજ ફેટનો ૩૦૦ લી. જથ્થો જપ્ત: ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની જામનગર કચેરી દ્વારા ઘીમાં ભેળશેળ કરતી પેઢી ખાતે રેડ કરી રૂ. ૨.૫ લાખની કિંમતનો આશરે ૬૦૦ લીટર જેટલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, જામનગર ખાતે હિરેન ટ્રેડર્સ પેઢીમાં








ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રેડ કરી શંકાસ્પદ ઘીના નમૂના લેવાની કામગીરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ પેઢી ઘી બનાવવા માટેનો ફુડ પરવાનો ધરાવતા હતા, પરંતુ ત્યાં વગર પરવાને ગેરકાયદેસર ઈન્ટર એસ્ટરીફાઇડ વેજ ફેટનો જથ્થો પણ ઉત્પાદન કરવામાં આવતો હતો. ઘીમાં ભેળશેળ કરવા માટેના વનસ્પતિ તથા પામોલીન તેલ પણ મળી આવ્યું હતું.પેઢીના માલીક મહેશકુમાર ચાંદ્રા પાસેથી રાજભોગ ઘીના નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત એડલ્ટન્ટરન્ટ તરીકે વનસ્પતી તથા પામોલીન તેલ, ઈન્ટર એસ્ટરીફાઇડ વેજ ફેટ મળી સ્થળ પરથી કુલ ૦૬ નમૂનાઓ લેવામાં આવ્યા છે. નમૂના લીધા બાદ ઘીનો ૧૨૦ લી., વનસ્પતિ તેલનો ૩૨ લી., પામોલીન તેલનો ૧૦૦ લી. અને ઈન્ટર એસ્ટરીફાઇડ વેજ ફેટનો ૩૦૦ લી. મળી કુલ ૫૫૦ લી.થી વધુ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.આ ખાધપદાર્થ બિન-આરોગ્યપ્રદ હોઈ તેનો પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# જામનગરમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર પોલીસ ત્રાટકી



**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર શહેરના સીટી સી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં દેશી દારૂની પ્રવૃત્તિ કરતી દારૂના ધંધાર્થી મહિલાઓ પર પોલીસ તંત્રએ તવાઈ બોલાવી છે અને નિલકમલ સોસાયટી સહિતના વિસ્તારમાં સામુહિકતા દરોડા પાડી ૬ મહિલા સહિત આઠ દારૂના ધંધાર્થીઓ સામે દારૂબંધી ભંગ અંગેના કેસ કર્યા છે.જામનગરમાં નિલકમલ સોસાયટી પાછળ જાગૃતિ નગર, ઉપરાંત શંકર ટેકરી- સિદ્ધાર્થ નગર, અને ખાખી નગર સહિતના વિસ્તારમાં ગઈકાલે સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શહેર નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા નયના ગોરડીયા, ઉપરાંત પી.આઇ. એ. આર. ચૌધરી તેમજ સીટી સી. ડિવિઝન ના પોલીસ સ્ટાફ દ્વારા દેશી દારૂ અંગે સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરોડા દરમિયાન અલગ અલગ આઠ જેટલા પોલીસ કેસ કરવામાં આવ્યા છે. જે પૈકી દેશી દારૂ બનાવવાની ૬ ચાલુ ભઠ્ઠી પકડી પાડવામાં આવી છે, જ્યારે દેશી દારૂ બનાવવાનો ૩૨૦ લીટર કાચો આથો, અને ૨૨ લીટર દેશી દારૂ તેમજ અન્ય દારૂની સામગ્રી સહિતનો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે.પોલીસ દ્વારા નીલકમલ સોસાયટીમાં રહેતા રાજેશ ગોપાલભાઈ પરમાર નામના દારૂના ધંધાર્થી ની અટકાયત કરી લેવામાં આવી છે. આ ઉપરાંત ગંગાબેન મહેન્દ્રસિંહ વઢીયાર, ભગવતીબેન શુકલભાઈ વઢીયાર, જાહીદાબેન યુનુસભાઈ બાબવાણી, શોભનાબેન મનોજભાઈ કોળી, ગીતાબેન સોલંકી, પુષ્પાબેન મૂળજીભાઈ પરમાર, તેમજ મનુભાઈ ઉર્ફે ઘૂઘરો અમરશીભાઈ ચૌહાણ સામે પણ દારૂબંધી ભંગ અંગેના કેસ કર્યા છે, જે તમામની ધરપકડ કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

# થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈએ યુવાનને બેફામ મારમાર્યાની કોર્ટમાં ફરિયાદ

## થોરાળા પોલીસે વિદેશી દારૂની ૮૪ બોટલ સાથે શખ્સને ઝડપી લીધા બાદ કોર્ટમાં ફરિયાદ દાખલ કરતાં હોબાળો મચી જવા પામ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવા થોરાળા વિસ્તારમાં સર્વોદય સોસાયટીમાં રહેતા એક શખ્સ ને થોરાળા પોલીસે વિદેશી દારૂની ૮૪ બોટલ સાથે ઝડપી લીધા બાદ આ શખ્સને પીઆઈએ બેફામા માર્યાની કોર્ટમાં ફરિયાદ કરવામાં આવતા ભારે ઓહાપો મચી જવા પામ્યો છે. બનાવ બાદ જજ દ્વારા તપાસના આદેશો કરવામાં આવ્યા છે.



આ અંગેની જાણવા મળતી માહિતી મુજબ થોરાળા પોલીસ મથકના પીએસઆઈ પી.એમ.રાઠવા હેડકોન્સ્ટેબલ વિમલભાઈ ધાણજા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે થોરાળા મેઈન રોડ પર આવેલા સર્વોદય સોસાયટીમાં વિદેશી દારૂનો જથ્થો ઉતરવાનો હોવાની હકીક્ત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દોડી જઈ સફેદ કલરની એક કારમાં વિદેશી દારૂની ૮૪ બોટલ સાથે કરણ ઉર્ફે કાનો તરુણભાઈ રાઠોડ નામના શખ્સને દબોચી લઈ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ શખ્સને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. અને ત્યાં થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈની ચેમ્બરમાં લઈ ગયા બાદ પીઆઈ બી.એમ.ઝાણકાટે વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હોય તે અંગે આકરી પૂછપરછ કરી બેફામ માર યુવાનને મારવામાં આવ્યો હોય ત્યારબાદ પોલીસ દ્વારા આ કરણ ઉર્ફે કાનાને પાંચ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારે જજ સાહેબની સામે આ યુવાને પોલીસે બેફામ મારમાર્યાની ફરિયાદ કરતા તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. તબીબોએ યુવાનને સારવાર આપી મારમારવા અંગેનો રિપોર્ટ કોર્ટમાં મોકલવામાં આવ્યો હોવાનું અને આ યુવાનને મારમારનાર થોરાળા પોલીસ મથકના પીઆઈ જણકાંત વિરુધ્ધ ફરિયાદ કરવા અંગે જજ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવ્યું હોય તેવું ભોગ બનનાર યુવાનના વકીલ તરફથી જાણવા મળ્યું છે.




# ઠક્કરબાપા હરીજનવાસમાં માવતરે રીસામણે આવેલી પરિણીતાનો બીજે માળેથી પડતું મૂકી આપઘાત

## પ્ર.નગરમાં પતિ અને સાસુ સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ ઉપર આવેલ ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતી અને આ જ વિસ્તારમાં માવતરે આંટો દેવા આવેલી ૨૫ વર્ષીય પરિણીતાએ સાસરિયાના ત્રાસથી કંટાળી બીજા માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતા માવતર પક્ષના આક્ષેપો બાદ પ્રનગર પોલીસે મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.




ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતા અને સફાઈ કામદાર તરીકે નોકરી કરતા દિલીપભાઈ મગનભાઈ મકવાણા ઉ.૪૬એ હરીજનવાસ શેરી નંબર ૭માં રહેતા દીકરી રીતુબેનના પતિ દેવેનભાઈ વિનુભાઈ વાઘેલા અને સાસુ ગીતાબેન સામે ૨૫ વર્ષીય દીકરી રીતુબેનને મરવા મજબુર કરવા અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીના ૫ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા સંતાનમાં એક દીકરી છે દોઢેક વર્ષ પૂર્વે પતિ અને સાસુએ મુંઢ માર માર્યો હતો અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા તેમજ છ મહિના પૂર્વે તેણીને આરામ કરવાનું કહી માવતરે મૂકી ગયા હતા અને તેડી ગયા ન હતા દરમિયાન પતિ દેવેનને કોઈ પરસ્ત્રી સાથે અફેર હોવાનું જાણવા મળતા તે બાબતે પણ ઝઘડો થયો હતો. તેણીએ પિતાના ઘરે બીજા માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતા પ્રનગરના જમાદાર કનુભાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને દીકરીને મરવા મજબુર કરવા અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# ગાંધીગ્રામમાં ખેલાયો ખુની ખેલઃવ્યાજખોરોના હાથે યુવાનની હત્યા

## લાખના બંગલા પાસે વ્યાજના નાણાની ઉઘરાણી કરવા ગયેલા ત્રણ શખ્સો એ દંપતી અને તેના પુત્ર પર ક્ર્યો જીવલેણ હુમલો









**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં ગુંદાળાની સીમમાં થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો ત્યાં વધુ એક હતયા પોલીસ ચોપડે નોંધાઈ ગઈ છે. પૈસાની લેતીદેતી મુ ત્રિપુટીએ પિતાને ફડાકા મારતા વચ્ચે પડેલા પુત્રને છરીના ત્રણ ઘા ઝીંકી રહેસી નાખતા ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. દુકાનમાં પણ તોડફોડ કરી હતી.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગાંધીગ્રામના ગાંધીનગર શેરી નંબર ૭માં રહેતો અને ઈ વેન્ટ મેનેજમેન્ટનું કામ કરતા સુરજભાઈ તેજસભાઈ ઠાકર ઉ.૨૪ નામના યુવકને રાત્રે છરીના ઘા ઝીંકી દેતા ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો પરંતુ અહીં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા એસીપી ભાર્ગવ પંડયા, ગાંધીગ્રામ પીઆઈ એમજી વસાવા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈમાં મોટો અને તેના ૨૦૨૨માં લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારની પૂછતાછમાં મૃતક સુરજના પિતાએ આરોપી પાસેથી ૨૦ હજાર રૂપિયા વ્યાજે લીધા હોય તે ચૂવી દીધા હતા. છતાં આજે લાખના બંગલા પાસે ખોડિયાર પાન નામની દુકાન પાસે ભેગા થતા આરોપી કમલેશગીરી અરવિંદગીરી ગોસાઈ, તેના પૂત્રો જીગર અને જયદેવએ પૈસાની માંગણી કરી. તેજસભાઈને ફડાકા ઝીંકી દેતા મામલો બીચક્યો હતો અને સુરજ મારા પિતાને શામાટે ફડાકા માર્યા તેમ કહેતા ત્રણેય ઉશ્કેરાઈને સુરજને માથા તથા પેટના ભાગે છરીના ત્રણ ઘા ઝીંકી ત્રણેય નાસી છૂટયા હતા. યુવકને હોસ્પિટલે ખસેડાયો હતો પરંતુ અહીં મૃત જાહેર કરાયો હતો સામા પક્ષે જીગરને પણ અજાણ્યા શખ્સોએ છરી મારી હોવાની રાવ સાથે હોસ્પિટલમાં દાખલ થયો હતો પરંતુ તેનો ભાઈ જયદેવ તેને લઈ ઝઘડો કરી નાસી છૂટયા હતા અને ખાનગીમાં દાખલ કરાયો હતો પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓને દબોચી લેવા તજવીજ હાથ ધરી છે. પુત્ર ગુમાવનાર પિતાએ અશ્રુ સાથે અંગદાન કરવા અપીલ કરી હતી.

# ફૂલહાર કરવા ચોટીલા જવાનું કહી પૂર્વ આયોજિત કાવતરૂ રચી પ્રેમી સહિતના પરિવારે મહિલાને પતાવી દીધી

## લગ્નની જીદ કરતી પ્રેમિકાને પ્રેમી અને તેના માતા-પિતા સહિતના શખ્સોએ અસંખ્ય છરીના ઘા ઝીંકી કાસળ કાઢી નાંખ્યુંઃ પ્રેમીને હત્યા કરતી વેળાએ પગમાં ઠેસ આવતા ઈજા થઈ હોય જેની સારવાર કરાવ્યા બાદ હત્યાનો ભાંડો ફૂટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગુંદાળા ગામની સીમમાં થયેલ અજાણી મહિલાની ઓળખ મળ્યા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે તેણીને રૈયાધારના શખસ સાથે એકાદ વર્ષથી પ્રેમ થયા બાદ લગ્ન માટે દબાણ કરતી હોય પ્રેમીએ પરિવાર સાથે પ્લાન થડી બનાવના આગલા દિવસે ચોટીલાથી બે છરી ખરીદી ફૂલહાર કરવાના બહાને લઈ જઈ પતાવી દીધાનું ખૂલતા પોલીસે પ્રેમી, તેના (માં-બાપ અને એક : સગીર સહીત બે મિત્રો મળી પાંચની ધરપકડ કરી છે.





આ અંગેની માહિતી મુજબ ગુંદાળાની સીમમાંથી હત્યા કરાયેલી મહિલાની લાશ મળ્યા બાદ એરપોર્ટ પીઆઈ જે એસ ગામીતએ ફરિયાદી બની હત્યાનો ગુનો નોંધ્યો હતો દરમિયાન ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય બી જાડેજા અને પીએસઆઈ એન ડી ડામોર સહિતને ટીમે મૃતક રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતી ભાવનાબેન રૂપેશભાઈ નિમાવતનો ઓળખ મેળવી હત્યાને અંજામ આપનાર મૂળ ગોંડલના હાલ રૈયાધારમાં રહેતા પ્રેમી નરેશ રમેશભાઈ પરમાર ઉ.૨૪, તેના પિતા રમેશ રાજાભાઈ પરમાર ઉ.૪૭, માતા ભાનુબેન ઉ.૪૪, મૂળ વેરાવળના હાલ ગોંડલ રહેતા મિત્ર જયેશ વેલજીભાઈ રાઠોડ ઉ.૧૯ અને એક સગીર મિત્રની ધરપકડ કરી છે.

બનાવ અંગે માહિતી આપતા ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે તેણી ૧૦ વર્ષથી રૂપેશ નિમાવત સાથે લીવઈ નમાં રહેતી હતી એકાદ વર્ષથી તેણીને નરેશ સાથે આંખ મળી જતા પ્રેમ થઇ ગયો હતો અને તેણી એકાદ વર્ષથી નરેશને લગ્ન કરવા દબાણ કરતી હતી. પરંતુ ભાવનાની ઉંમર મોટી હોવાથી નરેશના પરિવારજનો સહમત થયા ન હતા જેથી બે મિત્રો અને પરિવાર સાથે મળી પ્લાન ઘડયો હતો અને ૪ તારીખે મિત્ર જયેશ સાથે ચોટીલા જઈ બે છરીની ખરીદી કરી રાજકોટ- અમદાવાદ રોડ ઉપર માલધારી હોટલ પછી કાચા રસ્તે હત્યા કરવાનું નક્કી કર્યું હતું અને ૫ તારીખે રાત્રે પાંચેય બે બાઈક લઈને નીકળ્યા હતા અને ભાવનાને ચોટીલા ફૂલહાર કરવા જવાનું કહી બેટી ગામ ઉભું રહેવા જણાવ્યું હતું બાદમાં નરેશએ ચારેયને નક્કી કરેલી જગ્યાએ જવાનું કહી પોતે ભાવનાને તેડવા ગયો હતો અને બાઈકમાં લઇ આવી પાંચેયએ છરીના દસેક થા ઝીકી પતાવી દીધી હતી અને બધા પરત રાજકોટ આવી ગયા હતા લગ્ન બાબતે નરેશ સાથે અગાઉ પણ ઝથડા થયા હોય જે અજાણી મહિલાની હત્યા કરાયેલી લાશમાં પોલીસે હાથ ઉપર ત્રોફાવેલ રૂપેશ નામના ટેટુથી મહિલાની ઓળખ મળી હતી ડીસીબીના યુવરાજસિંહને માહિતી મળી હતી કે એક ભાવના નામની મહિલાએ બે માસ પૂર્વે ગોંડલમાં સ્ત્રી અત્યાચારની ફરિયાદ કરી હતી જેના હાથમાં પણ રૂપેશ લખેલું હતું તેના આધારે રૂપેશ સુધી અને પછી હત્યારાઓ સુધી પોલીસ પહોંચી હતી.

# આટકોટના વિરનગરમાં આર્થિક ભીંસથી કંટાળી યુવાને પુત્રને ઝેરી દવા પાઈ પોતે વિષપાન કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના વિરનગર ગામે ખેડૂત યુવાને અગમ્ય કારણસર ઝેરી દવા ગટગટાવી પુત્રને પણ પીવડાવતા પિતાનું મોત થયું છે જયારે પુત્રની તબીયત ભયમુક્ત ગણાવાઈ રહી છે. વીરનગર ગામે રહેતા પીન્ટુભાઇ પરસોત્તમભાઈ બરવાળીયા ઉ. વર્ષ ૩૮ અગમ્ય કારણોસર પોતાની વાડીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી બાદમાં આખો દિવસ તેની સાથે જ રહેતા આઠ વર્ષના પુત્રને પણ ઝેરી દવા પીવડાવતા બંનેને સારવાર માટે ગોંડલની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈકાલે પીન્ટુનું અવસાન થયું હતું



જયારે પુત્રની તબિયત ભયમુક્ત હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ બનાવનો આટકોટ પોલીસ સ્ટેશનમાં એ.ડી. નો ગુનો દાખલ કરવામાં આવ્યો છે જેમાં ભૂલથી ઝેરી ટીકડા ખવાઈ ગયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે જો કે માહિતગાર સૂત્રોના જણાવ્યામુજબ પિન્ટુ આર્થિક સંકડામણ અનુભવતો હોય તેણે મોતને વહાલુ કર્યું છે પીન્ટુ ને તેના પુત્ર પ્રત્યે ખૂબ જ લાગણી હતી અને આખો દિવસ તેના પુત્રને તેની સાથે જ રાખતો હોવાનું ગામ લોકોએ જણાવ્યું હતું .જો કે આ અંગે વધુ તપાસ આટકોટ પોલીસ ચલાવી રહી છે.

# જસદણમાં બાઈક પર જતા યુવાનનો પતંગ દોરીથી કાન કપાયો

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ તરફથી બાબરા જઈ રહેલ બાઈક ચાલક યુવકનો પતંગની દોરીએ કાન કપાયો,હતો યુવક બાઈક પર જસદણ બાબરા હાઈવે ઉપર જતા સમયે બાબરા ગામ પાસે યુવકને દોરી વચ્ચે આવી જતા કાન અને ગાળાના ભાગે ગંભીર ઈજા,



પહોંચી હતી જાણવા મળતા અહેવાલ અનુસાર જસદણ બાબરા હાઈવે પર જઈ રહેલા ભાવેશ ઠુમ્મર પતંગની દોરીના કારણે કાન પર તેમજ ગાળાના ભાગે દોરી વીંટળાઈ જવા પામી હતી હાલ સારવાર હેઠળ, યુવકને ગંભીર હાલતમાં કે.ડી પરવાડિયા હોસ્પિટલ ખસેડાયો, આવેલ છે.

# ગોંડલમાં પતિના બે મિત્રોએ મહિલા પર આચર્યુ દુષ્કર્મ

## પોલીસે ગુનો નોંધી બંને નરાધમોની કરી અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રહેતી પરિણીતાના પતિના બે મિત્રોએ પરિણીતાની એકલતાનો લાભ લઈ વારાફરતી દુષ્કર્મ આચરતા પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી પરિણીતાને મેડિકલ ચેકઅપ માટે ગોંડલ બાદ રાજકોટ હોસ્પિટલે ખસેડવામાં આવી હતી વિસ્તારમાં રાત્રીના ૧૦:૩૦ વાગ્યાના સુમારે ભગવતપરા વિસ્તારમાં રહેતા ભાવેશ વાઘેલા અને મયુર રાઠોડ નામના બે શખ્સો તેના મિત્રના ઘરે બેસવા ગયા હતા બાદમાં ત્રણેય ત્યાંથી ચા પીવા અને પાન મસાલો ખાવા નીકળી ગયા હતા. પરત ના ફર્યો હોય ભાવેશ અને મયુરે પરિણીતાના ઘરે પરત આવી બળજબરી પૂર્વક પહેલા ભાવેશે અને બાદમાં મયુરે દુષ્કર્મમાં આચર્યું હતું. થોડા સમય બાદ તેનો પતિ ઘરે આવતા પરિણીતાએ સમગ્ર હકીકત જણાવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો અને પોલીસે આઈપીસી કલમ ૩૭૬ ડી ૩૨૭ ૧૧૪ મુજબ ગુનો નોંધી. પરિણીતાનેમેડિકલ ચેકઅપ માટે પ્રથમ ગોંડલ બાદ રાજકોટ હોસ્પિટલે ખસેડી હતી. બનાવ અંગેની તપાસ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ ડામોર તેમજ તેમના રાઇટર ખોડુભા એ હાથ ધરી હતી. આ દુષ્કર્મની ઘટના બની હતી ત્યારે પરિણીતાનો પાંચ વર્ષનો પુત્ર ઘરમાં સૂતો હતો અને પતિના મિત્રો હેવાન બની પરિણીતા પર તૂટી પડયા હતા.

# વિછિંયાના ગુંદાળા ગામે યુવાન પર સાત શખ્સોનો હિંચકારો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ચોટીલા તાલુકાના ધારૈયા ગામે રહેતો રાજવીર વિઠલભાઈ ધરજીયા નામના યુવાને વિછિંયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ગુંદાળા ગામની દડલી ચોકડી પાસે હતો ત્યારે દિનેશ શીવમ કટેશિયા, ભરત શિવા કટેશિયા, બહાદુર છગન, જેન્તી વિહા, અલ્પેશ પ્રાગજી, તથા પ્રાગજી કટેશિયા અને વિકુ કટેશિયા સહિત સાત શખ્સોએ પાઈપ ધોકા ધાર્યા વડે હિંચકારો હુમલો કરી શરીરે ગંભીર ઈજા કરી નાસી ગયા હોવાની ફરિયાદ નોંધાવતા એએસઆઈ જેઠાભાઈ ટમાળીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિના ટ્રસ્ટી સામે કોર્ટમાં દાવો

## પ્રોજેકટ ચેરમેન ભરત દુદકીયા સામે સમાજમાં રોષ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતી રાજકોટ ધ્વારા દર વર્ષે પ્રતિભા સન્માન સમારોહ તથા સમુહમાં મહાપ્રસાદ લેવાનું આયોજન જ્ઞાતી ધ્વારા કરવામાં આવે છે અને આ પ્રતિમાં સમારોહમાં ભરત દુદકીયા પ્રોજેકટ ચેરમેન છે. અને આ કાર્યક્રમમાં સૌથી વધુ અનુદાન આપે તેવી વ્યકિતને કાર્યક્રમના ઉદઘાટક તરીકે તેમના હસ્તે દિપ પ્રાગટય કરાવવાનું સામાન્ય રીતે કોઈપણ જ્ઞાતીમાં વધુ અનુદાન આપનાર વ્યકિતના હસ્તે દિપ પ્રાગટય કરાવાતું હોય છે અને તેવી જ રીતે શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતી, રાજકોટમાં પણ આવી



પ્રણાલીકા હોવી જોઈએ તેમ છતા ભરત દુદકીયા ધ્વારા આવી પ્રચલીત પ્રણાલીકાનું ઉલ્લંઘન કરી મનસ્વી અને મનઘડત કૃત્ય કરતાં આ બાબતે સામે જ્ઞાતીજન દ્વારા કોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે. જ્ઞાતીના વિમલભાઈ દિલીપભાઈ ચાવડાએ દાવો દાખલ કરેલ હોય અને તેઓ સામે ફોજદારી ફરીયાદની કાર્યવાહીની તૈયારી શરૂ થઈ ગયેલ છે. જેમાં અદાલતે રેકર્ડ પરના ટ્રસ્ટીઓને નોટીસ ફરમાવી હાજર થવા ફરમાન કરેલ છે. તેમજ જ્ઞાતીના અન્ય હોદેદારો ધર્મેન્દ્ર પરમાર, પરેશ ચાવડા, ગૌરવ ચાવડા સામે નામદાર અદાતલમાં લેખીત અંડર ટેકીંગનો ભંગ કરવા બદલ કાનુની નોટીસ પાઠવવામાં આવતા નામદાર અદાલતમાં ટ્રસ્ટીઓને હાજર થવા ફરમાન કરવામાં આવે છે. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ વી. ડોડીયા તથા પરેશભાઈ મારૂ રોકાયેલ છે.

# વર્ધમાનનગરમાં બે સગી બહેનોને સાસરીયાઓનો ત્રાસઃ મોટી બહેને કેરોસીન પીધુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર એસઆરપી કેમ્પ પાસે રહેતી અને ઉચ્ચઅભિયાસ કરેલી પરણીતાએ કેરોસીન પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે. માવતરે કરિયાવરની અવેજીમાં રૂ. ૧૦ લાખ આપેલા હોય અને સાસરિયાઓએ સગવડતા થશે ત્યારે દાગીના કરાવી આપસું તેમ કહ્યું હોય જેથી પરિણીતાએ તેના સાસુને દાગીના કરાવી આપવાનું કહેતા તેઓ 'બન્ને બહેનોને છુટાછેડા આપી દેવા છે' કહી ત્રાસ આપતા હોય જેથી તેણીએ આ પગલું ભૂરી લીધું હતું. આ અંગે પોલીસે પતિ, સાસુ અને દિયર વિરુદ્ધ ત્રાસ આપ્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન નગર નજીક સનરાઈઝ એપાર્ટમેન્ટમાં રહેતી હેતલબા શૈલેન્દ્રસિંહ ઝાલા ઉ.વ.૨૯ નામની પરણીતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પતિ શૈલેન્દ્રસિંહ જગદીશસિંહ ઝાલા, દિયર હરપાલસિંહ અને સાસુ નિલમબાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના અને તેની નાની બહેન શ્રુતિબાના લગ્ન પતિ અને દિયર સાથે થયા હોય લગ્ન વખતે સાસરિયાઓને ફ્લેટ ઉપર લોન ચાલતી હોય જેથી ફરિયાદીના પિતાએ કરિયાવરની અવેજીમાં રૂા. ૧૦ લાખ આપેલ હતાં અને સાસુ તથા પતિએ સગવડતા થશે ત્યારે બન્ને બહેનોની સોનાના દાગીના કરાવી આપશું તેવું

જણાવેલ હોય ત્યાર બાદ આજ સુધી સાસરિયાઓએ દાગીના કરાવી આપેલ ન હોય જેથી બન્ને બહેને અવાર નવાર તેના સાસુને દાગીના કરાવી આપવાનું કહેતા સાસુ, પતિ અને દિયર 'બન્ને બહેનોને છુટાછેડા આપી દેવા છે, તમને રાખવી નથી તેમ કહી ત્રાસ આપતા હોય અને ઘરમાંથી કાઢી મુકવાની વાત કરતા હોય જેથી ગઈકાલે આ બાબતે તેમના માવતર પક્ષના લોકો સાસરિયામાં આવેલ હોય અને વાતચીત ચાલતી હોય દરમિયાન સાસરિયાઓ જેમફાવે તેમ બોલતા હોય જેથી તેણીને લાગી આવતા રસોડામાં જઈ કેરોસીન પી લીધું હતું. જેથી તેને ૧૦૮ મારફ્ત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ બાલસ સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો. અને મહિલાની પુછપરછ કરી સાસરિયા વિરુદ્ધ ત્રાસ આપ્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT